# એક વિચારે બહેનોની જિંદગી બદલી નાખી



**અમે હંમેશાં અમારી બેઠકોમાં સ્વચ્છતા ત્યાં પ્રભુતાની વાતો કરીએ. આ બહેનો અમારી બેઠકમાં આવે ને જેટલી વાતો અમારી પાસેથી સાંભળે એ વાતોનું અક્ષરસહ પાલન કરે.**

**આપણી આસપાસ**
★ મિત્તલ પટેલ

“જો પાંચસોનો ધંધો ન થાય તો સાંજના ઘરે આવીને ગામમાં કોઈના પણ ઘરે જઈને ટાંપુ કરી આવવાનું. વાસણ, કચરા પોતા, ભેંસોનું કામ જે કે એ કરીને પણ રોજના પાંચસો કમાવવાના.”

“અમે બધાએ ભેગા મળીને હમણાં મોટાં વાસણો ખરીદ્યાં. અમારી વસાહતમાં જ્યારે પ્રસંગ હોય ત્યારે અમે વાસણો ભાડેથી લાવતા. એ વાસણોનું એક દિવસનું ભાડું અમે બે હજાર ચૂકવતાં. હું પરણીને આવી ત્યારથી ભાડેથી વાસણો લાવતાનું હું જોતી. એક વર્ષમાં અમારે નહીં નહીં તોય નાનામોટા દસેક પ્રસંગો થાય ને દરેક વખતે અમે ભાડેથી વાસણ લાવીએ. એક રીતે કહું તો વર્ષોથી અમે આમ ભાડેથી વાસણ લાવતાં પણ અમને ક્યારેય પોતાના વાસણ વસાવવાનો કે વાસણ ખરીદીને ભાડેથી આપવાનો વિચાર ન આવ્યો. પણ પાંચેક વર્ષ પહેલાં તમે અમારી વસાહતમાં આવ્યા એ વખતે તમે બચત શું કામ કરવી જોઈએ, એનાથી શું ફાયદા થાય એ અંગે સમજાવેલું. એ વખતે તમે મહિને સો રૂપિયા બચાવવાથી બચતની શરૂઆત કરો એવું અમને કહેલું ને અમે એ પછી સો રૂપિયાની બચતથી અમારી દસ બહેનોનું બચતમંડળ શરૂ કરવાનું નક્કી કર્યું. પણ બેંકમાં બચતમંડળનું ખાતું ખોલાવવા ગયા ત્યારે બેંકના સાહેબે કીધું, મંડળમાં જે વ્યક્તિઓ પ્રમુખ અને મંત્રી બને એમને સહી કરતા આવડવી જોઈએ. હું તો ચાર ચોપડી ભણેલી એટલે મને સહી કરતા આવડે પણ એ સિવાય મંડળની એક પણ બહેન નિશાળનું પગથિયું ચડેલી નહીં એટલે કોઈને સહી કરતા આવડે નહીં. શું કરવું સમજાય નહીં. એક રીતે બધાએ ભેગા થઈને માંડ કશુંક સારું કરવાનો વિચાર કર્યો ને એમાં જાણે ફાચર પડી.”

બનાસકાંઠાના ડુંગરાસણ ગામનાં ચંપાબહેને એટલા ઉત્સાહથી વાત કરતા કે વાસણની વાર્તા અધૂરી રાખી એ બચતમંડળની વાતમાં ચડી ગયાં. ચંપાબહેને બચતમંડળ શરૂ કરવાનો નિર્ધાર કરી દીધો હતો. એમણે પોતાના મંડળમાં સભ્ય એવાં કાંતાબહેનને કહ્યું, “કાંતા તું સહી કરતા ના શીખે? એમાં કાંઈ ભણતરની જરૂર નથી. જેમ ચિત્ર કાઢીએ એમ કાંતા લખેલું ચિત્ર કાઢવાનું છે તું એ શીખી જાય તો બધાંનું ભલું થાય” કાંતાબહેન ખૂબ સમજુ. એમણે સૌનું ભલુ થતું હોય ને એમાં એ નિમિત્ત બની શકે એમ હોય તો સહી કરવાનું શીખવાનું કહ્યું. ચંપાબહેને એમને ઘર આંગણે બેસી રેતમાં કાંતા લખી બતાવ્યું. કાંતાબહેને એ લખાણની નીચે જ પોતાનું નામ લખવા કોશિશ કરી. એમને લાગ્યું કે, સહી કરવી એ કાંઈ બહુ અઘરું કામ નથી. થોડો અભ્યાસ કરીશ તો આવડી જશે ને એમણે રેતમાં લખવાનો અભ્યાસ વધાર્યો ને આખરે એ શીખી ગયાં ને મંડળનું બેંકમાં ખાતું ખૂલી ગયું.

હવે દસ બહેનોની માસિક સો રૂપિયા બચત બેંકમાં જમા થવા માંડી. મંડળની દસે બહેનો એક થેલામાં મર્યાદિત કટલરીનો સામાન લઈને વેચવાનું કામ કરે. પણ એમાં નફો ઝાઝો થાય. એમણે અમારી પાસે સામાન વધારે લાવવા લોન લીધી. એમનો ધંધો વધ્યો, કમાણી પણ વધી.

આવામાં એક દિવસ ચંપાબહેનને વિચાર આવ્યો કે દરરોજના આપણે સો રૂપિયા બચાવીએ તો? એમણે સાંજે બહેનોને બેસાડીને પોતાનો વિચાર કહ્યો. ચંપાબહેનની વાત સૌના મનમાં બેસી ને બધાએ સો રૂપિયા બચત કરવાનું શરૂ કર્યું. આ બચત ચંપાબહેન પાસે રહેવા માંડી. બહેનો પણ ધગશથી રોજના પાંચસોનો વકરો થાય એ રીતે કામ કરવા માંડી. કંકુબહેન કહે, “જો પાંચસોનો ધંધો ન થાય તો સાંજના ઘરે આવીને ગામમાં કોઈના પણ ઘરે જઈને ટાંપુ કરી આવવાનું. વાસણ, કચરા પોતા, ભેંસોનું કામ જે કે એ કરીને પણ રોજના પાંચસો કમાવવાના ને એમાંથી સો રૂપિયાની બચત ચંપાબહેનને આપવાની.”

એક મહિનો કોશિશ કરી ને દસે બહેનો એમાં સફળ થયા. મહિનાના અંતે ભેગા થયેલા ત્રીસ હજારનું શું કરવું એ વિચાર્યું. વસાહતમાં રહેતા મોટાભાગના પરિવારોના ઘર ઈંટ માટીમાંથી ચણેલાં કાચાં. કેટલાંક તો ઝૂંપડા જેવાં. સૌએ નક્કી કર્યું કે દર મહિને ભેગી થતી રકમમાંથી આપણે સૌ પ્રથમ આપણાં ઘરો પાક્કા કરીએ. એમણે દસે બહેનોનાં નામ લખેલી ચિઠ્ઠીઓમાંથી એક ચિઠ્ઠી ઉપાડીને એમાં જેમનું નામ આવ્યું એમને ત્રીસ હજાર આપ્યા. આ રીતે વારાફરતી બધાને પૈસા મળવા માંડ્યા ને ઘરનું કામ ક્રમશઃ થવા માંડ્યું. ધીમે ધીમે કરતા દરેક પરિવારના ઘર પાક્કા થયાં. ઘરના પુરુષો પણ બહેનોની આ હિંમતમાં સહભાગી બન્યા.

વસાહતમાં પાક્કા રોડ નહોતા, શૌચાલયની સુવિધા પણ બધાના ઘરે નહોતી. વ્યસન પણ વત્તા ઓછા અંશે વસાહતમાં રહેનાર તમામમાં હતું. વસાહતમાં રોડ બંધાય એ માટે પંચાયતમાં જઈને સૌએ રજૂઆત કરીને થોડા સમયમાં પાક્કો રોડ બંધાયો. શૌચાલય પણ સૌએ પોતાની બચતમાંથી બનાવ્યાં. વ્યસન મુક્તિનો નિયમ એમણે સ્વયં બનાવ્યો ને એનું અક્ષરસહ પાલન નાનામોટા સૌએ કર્યું. વસાહતમાં ધીમે ધીમે પ્રગતિ થવા માંડી. ત્યાં વસાહતના સૌને પોતાની વસાહત ફરતે દીવાલ કરવાનો ને એક ધરમનો ઓટલો ને ઓટલા પર નાનકડું મંદિર બાંધવાનો વિચાર આવ્યો. સૌએ એ પણ ધીમે ધીમે કરી દીધું.

અમે હંમેશાં અમારી બેઠકોમાં સ્વચ્છતા ત્યાં પ્રભુતાની વાતો કરીએ. આ બહેનો અમારી બેઠકમાં આવે ને જેટલી વાતો અમારી પાસેથી સાંભળે એ વાતોનું અક્ષરસહ પાલન કરે. એમણે કચરામુક્ત વસાહત કરવાનું નિર્ણય કર્યો ને વસાહતમાં રહેતા તમામ બાળકોને નિયમિત વસાહતની સફાઈ કરવાની જવાબદારી આપી. સાથે સાથે દરેક બાળકે ફરજિયાત નિશાળ ભણવા જાય એ પણ જોવાનું શરૂ કર્યું.

દિન દુગની રાત ચૌગુની પ્રગતિ આ પરિવારોની થઈ. વસાહતમાં રહેતા એક પરિવાર કે જેની આર્થિક સ્થિતિ નબળી હતી. ઘરમાં સરખું કમાવાવાળું કોઈ નહીં. સૌના ઘર પાક્કા થયાં પણ એનું ઘર પાક્કું ન થાય. મંડળની બહેનોએ ભેગા મળીને એક રૂમનું ઘર એ પરિવારને બાંધી આપ્યું.

અમે અમારા સ્વાવલંબન કાર્યક્રમ અંતર્ગત જે પરિવારોને લોન આપીએ તેમની સાથે વખતોવખત શિબિરોનું આયોજન કરીએ. આ શિબિરોમાં ડુંગરાસણની બહેનોએ પોતે કેવી પ્રગતિ કરી ને એ કઈ રીતે થઈ એની વાત કરી ત્યારે શિબિરમાં ઉપસ્થિતિ અમારા સૌની આંખો પહોળી થઈ ગઈ.

અમે જીવનમાં બદલાવ માટે શું કરવું જોઈએ એની વાતો તો અનેકો સાથે કરીએ પણ એ અનેકોમાંથી આ રીતે અમલ કરવાનું બધાં નથી કરતા. હું આમ ગદગદ થઈ રહી ત્યાં ચંપાબહેને કહ્યું, “અમે પાંચસો માણસોની રસોઈ થઈ શકે એવાં વાસણો પણ ખરીદી લીધાં. હવે અમારે બે હજારના ભાડેથી વાસણ લાવવા નહીં પડે. ઊલટાનું અમે પોતે બે હજારમાં ભાડે વાસણ આપીશું.”

# ઈથોપિયાના જ્વાળામુખીની રાખ હવામાન બદલી નાખશે?

**ઘટ ઘટ પાની**
★ માવજી મહેશ્વરી

૨૪ નવેમ્બરની રાતે આફ્રિકામાં આવેલા ઈથિયોપિયામાં સન્નાટાને ચીરતી એક ગર્જના સંભળાઈ. આકાશ લાલ થઈ ગયું અને બાર હજાર વર્ષોથી શાંત પડેલો એક વિશાળ જ્વાળામુખી જીવીત થઈ ગયો. એ વિસ્ફોટની રાખ માત્ર ઈથિયોપિયા સુધી સિમિત ન રહેતા, હજારો કિલોમીટરની સફર કરીને ભારતના આસમાન સુધી પહોંચી. તો પ્રશ્ન એ છે કે આ જ્વાળામુખીની રાખ ભારત માટે ખતરો છે? શું હિમાલય ઉપર એની કોઈ અસર પડી શકે છે? શું ભવિષ્યમાં આવા જ્વાળામુખીના વિસ્ફોટ હવા, મોસમ અને આપણા જીવનને બદલી નાખશે?

ધરતી ઉપર કેટલાંક સ્થળો એવાં છે જ્યાં પ્રકૃતિની અદશ્ય શક્તિઓ નિરંતર કામ કરતી રહે છે. ઈથિયોપિયાની પૂર્વ આફ્રિકન તટીય ખીણ એવું જ એક સ્થાન છે. જાણે ભૌગોલિક યુધ્ધભૂમિ. ત્યાં ધરતીની ત્રણ વિશાળ પ્લેટ આપસમાં ખેંચાણ અને દૂર થવામાં ગુંચવાયેલી છે. અરેબિયન પ્લેટ ઉત્તરપૂર્વ તરફ વધી રહી છે. સોમાલિયન પ્લેટ દક્ષિણ પૂર્વ તરફ ખસી રહી છે. નુબિયન પ્લેટ પશ્ચિમ તરફ પાછળ હટી રહી છે. આના કારણે જગતની અજીબ જગ્યાઓમાંની એક ડેનાકીલ ડીપ્રેશનને જન્મ આપ્યો છે. એ વિસ્તાર એટલો સક્રિય છે કે વૈજ્ઞાનિકો એને ધરતીનું ફાટતું હ્રદય કહે છે. આ ધરતીની વચ્ચે હેલેબી જેવા જ્વાળામુખી જન્મ લે છે. વર્ષો સુધી લાવા નીચે જમા થતો રહ્યો. કોઈ જ સંકેત નહોતો કે આટલો મોટો વિસ્ફોટ થશે. જ્યારે દબાણ અતિ વધી ગયું ત્યારે હેલેબીએ ધડાકો કર્યો જેનાથી દુનિયા ચોંકી ગઈ. આ માત્ર ધડાકો નહોતો, ચેતવણી હતી કે પૂર્વ તટીય ખીણો હજી પણ જિવીત છે.

ધડાકાની થોડી જ મિનિટોમાં આકાશ રાખથી ઢંકાઈ ગયું. એ કોઈ સામાન્ય ધુમાડો નહોતો, પણ લાખો ટન સિલિકેટ, ગેસ, સલ્ફર ડાયોક્સાઈડ અને સુક્ષ્મકાય જેવા કણો હતા. એના તેજ ધારવાળા કણ વિજળીના પ્રકાશમાં ચમકી રહ્યા હતા અને કાળી દિવાલની માફક હવામાં ફેલાતા જતા હતા. જેવી આ રાખ પચાસ હજાર ફૂટની ઊંચાઈ પર પહોંચી, કે ધરતીના વાયુમંડળની તેજ હવાઓ જેટ સ્ટ્રીમ્સે પોતાનું



કામ શરૂ કર્યું. જેટ સ્ટ્રીમ્સ એકસો સાઈઠથી બસો કિલોમીટરની તેજ ગતિથી વહે છે. જે કોઈ પણ ગેસ અને કણોને મહાદ્વિપોથી પાર લઈ જવા સક્ષમ હોય છે. આ જ કારણ હતું કે વિસ્ફોટના થોડા જ કલાકોમાં એ રાખ ઈથિયોપિયાથી બહાર નીકળી ચૂકી હતી. યમન અને ઓમાન પરથી આ વાદળ ઈથિયોપિયાથી એક હજાર કિલોમીટર દૂર આવેલા ભારતના આકાશમાં ઉપર સ્થિર થયું. વિજ્ઞાનની ભાષામાં આને ટ્રાન્સ કોન્ટીનેન્ટલ એશ ડ્રીફ્ટ કહેવાય છે. આ બતાવે છે કે ધરતી પરની કોઈ પણ ઘટના સ્થાનિક નથી હોતી. આ વિસ્ફોટે જગતને બતાવ્યું કે વાયુમંડળ એક ગ્લોબલ હાઈવે છે અને તે રાજકીય હદોને સ્વીકારતું નથી. જોકે આ રાખ ભારતના જમીનના હવામાનને બહુ જ ઓછી અસર કરનારી હતી. સિવાય કે વરસાદ પડે કે હવાઓ દિશા બદલે. ભારતનું હવામાન વિભાગ સતર્ક થઈ ગયું હતું. તેમનાં ઉપકરણોએ દર્શાવ્યું કે આ રાખ હિમાલય પાર કરીને તિબેટ બાજુ ફંટાઈ જશે.

જો કે આમ થાય તો સીધો ખતરો નહોતો પણ ન દેખાતો ખતરો ઊભો જ હતો. એ ખતરો ભારતના મોટા પ્રાકૃતિક સંરક્ષક હિમાલય ઉપર અસર કરી શકતો હતો. વિજ્ઞાનમાં એક સિધ્ધાંત છે એલ્બેડો ઈફેક્ટ.

**જો જ્વાળામુખીની રાખ હિમાલયના સફેદ બરફ ઉપર જામી જાય તો ગરમી વધી જાય અને બરફ પીગળવાની ગતિ વધી જાય. હિમાલય કેવળ પર્વત નથી, તે એશિયાનો મોટો જળભંડાર છે**

જેનાથી સફેદ વસ્તુઓ પ્રકાશને પાછો ધકેલી દે છે અને સપાટીને ઠંડી રાખે છે. પણ જો હિમાલયના બરફ ઉપર કાળા કે વાદળી કણો જામી જાય તો શું થાય? વૈજ્ઞાનિકો અત્યારે એનો જ અભ્યાસ કરી રહ્યા છે. જો જ્વાળામુખીની રાખ હિમાલયના સફેદ બરફ ઉપર જામી જાય તો ગરમી વધી જાય અને બરફ પીગળવાની ગતિ વધી જાય. હિમાલય કેવળ પર્વત નથી, તે એશિયાનો મોટો જળભંડાર છે. જો બરફ ઝડપથી પીગળે તો નદીઓના પ્રવાહ તેજ થઈ જાય અને ભયંકર ખાનાખરાબી થાય. હજુ વૈજ્ઞાનિકો એ નિષ્કર્ષ ઉપર પહોંચ્યા નથી કે એ રાખ હિમાલય ઉપર કેટલા પ્રમાણમાં પડશે. એના અભ્યાસ માટે મહિનાઓ લાગી શકે છે.

જ્વાળામુખી વિસ્ફોટો આપણને યાદ અપાવે છે કે વિસ્ફોટ હજારો કિલોમીટર દૂરની ભૂમિની કુદરતી પ્રક્રિયામાં બદલાવ લાવી શકે છે. હેલેબીના વિસ્ફોટે બતાવ્યું કે એ રાખ ભારતની વિમાન ઉડ્ડયન સેવા, મોસમ અને નદીઓના પ્રવાહો ઉપર અસર કરી શકે છે. એને કહે છે ગ્લોબલ ડોમીનો ઈફેક્ટ. વાયુમંડળ આખી પૃથ્વીની સંપતિ છે. એટલે જ વૈજ્ઞાનિકો વારંવાર કહી રહ્યા છે, ક્લાઈમેટ ગ્લોબલ છે, ઈમ્પેક્ટ ગ્લોબલ છે અને જવાબદારી પણ ગ્લોબલ છે.

હેલેબીના વિસ્ફોટે આપણને સમજાવ્યું કે આપણે સ્થાનિક ચશ્માથી કોઈ ઘટનાને ન જોવી જોઈએ. કેમ કે ધરતી એક વિશાળ, જટીલ અને આપસમાં જોડાયેલી પ્રણાલી છે. જ્યાં એક બદલાવ બીજા બદલાવને જન્મ આપે છે. હેલેબી વિસ્ફોટ આપણને ચેતવણી આપે છે કે પૃથ્વીની શક્તિ અસીમ છે. માનવની સિમિત.